
# વિ કેર ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા ૬૫ દિવસ સુધી ઓનલાઈન યોગના કાર્યક્રમો યોજાયા



ગાંધીનગર, તા. ૧૮

વિ કેરના સેક્રેટરી રાજુ પટેલના જણાવ્યા મુજબ વિ કેર ફાઉન્ડેશન ગાંધીનગર ખાતે સામાજિક, શૈક્ષણિક તેમજ સ્વાસ્થ્યને લગતી સતત સેવાકીય પ્રવૃત્તિ કરે છે. અત્યારે કોરોના જેવી મહામારી સામે લડવા માટે લોકડાઉન અને અનલોક-૧ માં વિ કેર ફાઉન્ડેશન દ્વારા સતત ૬૫ દિવસથી વધુ સુધી ઓનલાઈન સ્વાસ્થ્ય કાર્યક્રમ યોજવામાં આવી રહ્યો હતો. જેમાં રોજ સવારે વિ કેર ફાઉન્ડેશનના ચેરમેન જે સી પટેલ (દાદા) દ્વારા ઓનલાઈન વીડિયો કોલિંગ દ્વારા યોગ - પ્રાણાયામની સમજ સાથે યોગ - પ્રાણાયામ - આસનો શીખવવામાં આવ્યા. કોરોના મહામારીમાં કયા આસનો કરવા, પ્રાણાયામ કરવા ઈમ્યુનિટી વધારવા માટે શું કરવું જોઈએ. તેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

ધ્યાન એ મન અને શરીર માટેની સૌથી શ્રેષ્ઠ દવા છે. નીચે જમીન પર બેસી - આંખો બંધ કરવી. હસતા ચહેરો રાખી ઊંડા શ્વાસ લેવો. મનમાં શ્વાસોશ્વાસની પ્રક્રિયાનો અનુભવ કરવો, જુદા જુદા અંગો પગ - મસલ્સ - કોણી - ઢીંચણ - જાંઘ - પેટ - જઠર - યકૃત - કિડની - ફેફસાં - હૃદય - હાથ. આંગણીઓ - અગૂંઠા - નખ - જીભ - દાંત - ચહેરો - આંખો - મગજ બધા જ અંગોને સહેજ ટાઈટ કરો. રિલેક્સ કરો - આવું વારંવાર કરવું. જોડે જોડે આપણું શરીર પરમાત્માનું મંદિર છે. એવું વિચારો - ભગવાનનું ચિંતન કરો - આત્મા અને પરમ - શાંતિ - આનંદ - પરમાનંદ - જીવ અને શિવ, કર્મ અને ધર્મ - આત્મા અને પરમાત્મા, મન અને શરીરની ઐક્ય જાળવો, કોઈ પણ જાતની ચિંતા - તણાવ દબાણને દૂર રાખે છે. આનંદ - સુખને સંતોષ અનુભવ કરાવે છે. ભગવાનો આપણે અગણિત સોરસીઝ આપ્યા છે. તંદુરસ્તી તમારા હાથમાં છે. માટે મૃત્યુ આવે એ પહેલાં રોગોને કારણે મરેલા જેવું જીવન જીવશો નહીં.

વિવિધ યોગ - આસનો - પ્રાણાયામ - ધ્યાન રોગ પ્રતિકારક શક્તિ વધારનાર, આત્મ વિશ્વાસમાં વધારો, પ્રાણશક્તિમાં વધારો, અને શરીરનું સમતોલન કરનાર, રોજ નિયમિત ૩૦ મિનિટ કસરત કરવાથી અનેક ફાયદાઓ થાય છે.

## વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ'માં વિવિધ તજજ્ઞો દ્વારા

# ઓનલાઈન સમર કેમ્પનું આયોજન




ગાંધીનગર, તા. ૧૮

આ સમર કેમ્પમાં અલગ અલગ પ્રકારની તાલીમ આપવામાં આવી હતી. આ ઓનલાઈન સમર કેમ્પ દરમિયાન બાળકો ઉત્સાહ સાથે જોડાયા હતા. બાળકોમાં રહેલી પ્રતિભાને બહાર લાવવા અને તેમનો આત્મવિશ્વાસ વધારવા અને નવું શીખવાની ભાવનાથી આ ઓનલાઈન સમર કેમ્પ યોજવામાં આવ્યો હતો.

જેમાં ફેન્સી ડ્રેસ સ્પર્ધા, બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળે તે હેતુથી મુવી શો યોજવામાં આવેલ. ઓનલાઈન ડાન્સ સેશન જે આંતરરાષ્ટ્રીય ડાન્સર અને કોરિયોગ્રાફર કલરવ દવે ના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો. શૈલી મેડમના માર્ગદર્શન હેઠળ યોગા સેશન માં બાળકોને ખૂબ સારી રીતે યોગા શીખવવામાં આવેલ. આ સમર કેમ્પના ભાગ રૂપે, વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસમાં 'રોબોફન લેબ'ના સહયોગથી ઓનલાઈન 'સ્કેચ પ્રોગ્રામિંગ વર્કશોપ' પણ યોજાયો. નવીનતમ પદ્ધતિઓ શરૂ કરવા માટે આ વર્કશોપ યોજવામાં આવેલ. સ્કેચ પ્રોગ્રામિંગ ભાષાની મદદથી બાળકોને તેમની પોતાની રમતો અને એનિમેશન બનાવવાનું શીખવવામાં આવ્યું હતું. આજનાં આ વૈજ્ઞાનિક યુગમાં બાળકોને ગણિત વિષય માં વધુ રુચિ જાગે તે હેતુ થી, શ્રદ્ધા દવેના માર્ગદર્શન હેઠળ વૈદિક ગણિત ઓનલાઈન વર્કશોપ યોજવામાં આવેલ. બાળકો જંક ફૂડથી દૂર રહે અને પૌષ્ટિક આહારની આવશ્યકતા સમજે તે હેતુથી એશિયાના સૌથી લાંબા સમયથી ચાલતા રસોઈ શો ના એન્કર મિત્તલ શાહ ના માર્ગદર્શન હેઠળ 'નોન ફાયર કુકિંગ' વર્કશોપ યોજવામાં આવ્યો હતો. વેદ ઈન્ટિગ્રેટેડ કેમ્પસ દ્વારા યોજાયેલ આ બધા જ ઓનલાઈન સેશનમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળી રહે અને તેમની આત્મસૂઝ વધે તેવા પ્રયત્નો દ્વારા આ ઓનલાઈન સમર કેમ્પ ખૂબ જ સફળ રહ્યો હતો.

## એસ કે પટેલ સ્કૂલમાં એક્ટિવીટી કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૧૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ કે પટેલ કે જી ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં 'રિંગ થ્રેયડિંગ' એક્ટિવીટી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકોએ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તથા વાલીઓનો પણ ખૂબ જ સારો સહકાર મળ્યો હતો. સ્કૂલમાં અવારનવાર ઓનલાઈન કલાસમાં શિક્ષણની સાથે આવી એક્ટિવીટીનું આયોજન કરવામાં આવે છે જેમાં બાળકો તથા વાલીઓનો ખુબ જ સારો સહકાર મળતો હોય છે.




## વીડિયો કોન્ફરન્સ દ્વારા સંવાદ

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી તથા ભારતીય જનતા પાર્ટીને એક વર્ષ પૂર્ણ બાદ નરેન્દ્રભાઈનો વીડિયો કોન્ફરન્સ દ્વારા સંવાદ થયો હતો. જેમાં ગાંધીનગર જિલ્લાના ભાજપના સક્રિય આગેવાનો કાર્યકરોમાં અમદાવાદ સાંસદ હસમુખભાઈ પટેલ, હિતેન્દ્રભાઈ પટેલ, શોભનાબા વાઘેલા, અશોક પટેલ, અતુલ પટેલ, નૈલેશ શાહ, હિરેન પરમાર, ખુશી વ્યાસ, રાવજીભાઈ ઠાકોર, ગીતાબેન ઠાકોર, રમણભાઈ પ્રજાપતિ, અમરીશ બ્રહ્મભટ્ટ, કિરણ પટેલ, એસ.પી. ઠાકોર (ચિલોડા) વગેરે મહાનુભાવોએ ઉત્સાહભેર જોડાઈ ભાગ લીધો હતો.

# બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઈન્ટરનેશનલ સિમ્પોઝિયમ યોજાયો




વલ્લભવિદ્યાનગર,તા. ૧૮

ચારુતર વિદ્યામંડળ સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ખાતે ઈન્ટરનેશનલ કોલબ્રેશન સેલ તથા યુરલ ફેડરલ યુનિવર્સીટી (રશિયા) અંતર્ગત તા.૧૬/૦૬/૨૦૨૦ ના રોજ "Theroy and Application of Teaching : Didactics" 21st Century Engineering skills, Practical Application of Global Development and Scientific Methodology" વિષય પર ઈન્ટરનેશનલ સિમ્પોઝિયમ યોજાયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એન્જીનીયર ભીખુભાઈ પટેલ,ડૉ.નવીન શેઠ (વાઈસ ચાન્સેલર, G.T.U), ડૉ.ઈંદ્રજિત એન. પટેલ (પ્રિન્સિપાલ, બીવીએમ), પ્રો. વિમલ હર્ષા (યુરલ ફેડરલ યુનિવર્સીટી,રશિયા), ડૉ. કોન્સ્ટેન્ટિન(યુરલ ફેડરલ યુનિવર્સીટી,રશિયા), પ્રોગ્રામ કન્વીનર્સ ડૉ. તન્મય પવાર તથા ડૉ. કેયુર બ્રહ્મભટ્ટ, પ્રોગ્રામ કોર્ડીનેટર્સ ડૉ.કૌશિકા પટેલ,પ્રો.ચિંતન મહંત ઉપસ્થિત રહ્યા હતા.

સિમ્પોઝિયમ ની શરૂઆત માં ડૉ.કૌશિકા પટેલે ઉપસ્થિત અતિથિઓ તથા એક્સપર્ટ નો પરિચય આપ્યો હતો.સંસ્થા ના પ્રિન્સિપાલ ડૉ.ઈંદ્રજિત એન.પટેલે સૌનું અભિવાદન કર્યું હતું તથા જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ ના હોલિસ્ટિક ડેવલપમેન્ટ માટે ચારુતર વિદ્યામંડળ તથા ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સીટીના માર્ગદર્શન તથા સહકાર હઠળ બીવીએમ સતત પ્રયત્નશીલ છે. આ ઉપરાંત તેને અનુલક્ષી ને ટીચિંગ લર્નિંગ એક્ટિવિટી ઉપરાંત જીટીયુ દ્વારા યોજાતા કલચરલ ફેસ્ટિવલ્સ, એન.સી.સી, એન.એસ.એસમાં બીવીએમના વિદ્યાર્થીઓ દરવર્ષે ઉત્સાહપૂર્વક ભાગ લે છે તથા બીવીએમ નું વિઝન 'ટુ પ્રોડ્યુસ ગ્લોબલી એમ્પલોયેબલ ઈનોવેટિવ એન્જીનીયર્સ વિથ કોર વેલ્યુઝ' ને ધ્યાનમાં રાખી આ સિમ્પોઝિયમ ઈન્ડસ્ટ્રી ઈન્સ્ટિટ્યૂટ ઈન્ટરનેશનલાઈઝેશનને સાકાર કરવાની દિશામાં અભિનંદનને પાત્ર છે. બીવીએમના વિદ્યાર્થીઓ ને ગ્લોબલ એક્સપોઝર મળી રહે તે માટે બીવીએમ ના ૧૨ જેટલી વિદેશની યુનિવર્સીટી જોડે એમ.ઓ.યુ થયેલ છે. આશ્રમ તથા પાઠશાળામાં ગુરુ શિષ્યની પ્રાચિન પરંપરા એ પ્રાચીન ભારતીય સંસ્કૃતિનું ગૌરવ છે.

ડૉ. નવીન શેઠે ઉપરોક્ત ઈન્ટરનેશનલ સિમ્પોઝિયમ ના આયોજન બદલ બીવીએમ ને અભિનંદન પાઠવ્યા હતા તથા જણાવ્યું હતું કે વર્તમાન સમય માં covid-19 પેંડેમીક ને લીધે ટીચિંગ, એડમિનિસ્ટ્રેશન, ટ્રાન્સપોર્ટેશન, ફાયનાન્સ, બિઝનેસ જેવા દરેક ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન આવ્યું છે. આજના ડિજિટલ યુગમાં ટીચિંગ માત્ર ઈન્ફોર્મેશન પૂરતું સિમિત નથી તે નોલેજ, એપ્લિકેશન તથા રીઅલ ટાઈમ ચેલેન્જીસ માટે એટલું જ કારગત હોવું જરૂરી છે.

એન્જીનીયર ભીખુભાઈ પટેલે જણાવ્યું હતું કે ચારુતર વિદ્યામંડળ યુથ ડેવલપમેન્ટ માટે હંમેશા પ્રયત્નશીલ રહ્યું છે તથા બીવીએમ એ ગુણવતાસભર શિક્ષણ માટે હંમેશા એક સ્ટેપ આગળ રહયું છે. covid-19 પેંડેમીક પરિસ્થિતિમાં પણ વિદ્યાર્થીના કારકિર્દીમાં ઉપયોગી એવા સિમ્પોઝિયમ, વેબિનાર, ટ્રેનિંગ પ્રોગ્રામના સફળ સંચાલન બદલ બીવીએમને શુભેચ્છા પાઠવી હતી. ડૉ.કોન્સ્ટેન્ટિને સાયન્ટિફિક એપ્રોચ ઈન એજ્યુકેશન,રિસર્ચ એન્ડ પ્રેક્ટિકલ લેવલ,ડિસ્કરસીવ લેવલ, ડિડેકટીક મેથડના કોગ્નિટિવ, ફોર્મેટીવ, ઈન્ટ્રુમેંટલ તથા નોર્મેટિવ ફંક્શનવિષે માહતી આપી હતી જે સ્કિલ ડેવલપમેન્ટ, એજ્યુકેશનલ ઓબ્જેકટીવ, તથા પ્રોડક્ટિવ લર્નિંગ જેવા વિષયો આવરી લે છે.

સમગ્ર કાર્યક્રમ નું સંચાલન ડૉ.કૌશિકા પટેલ (એસોસિએટ ડીન,ઈન્ટરનેશનલ કોલબ્રેશન સેલ,બીવીએમ) એ કર્યું હતું તથા અંતે ડૉ.કેયુર બ્રહ્મભટ્ટે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉપરોક્ત સિમ્પોઝિયમ માં યુ-ટ્યુબ ચેનલ પર Russia, Germany, Iraq, USA, Maxico, Brazil, UK, Uganda, Afghanistan, Canada, and India જેવા દેશો માંથી ૪૫૦ થી વધુ અધ્યાપકો જોડાયા હતા.

## પ્રાંતિજ તાલુકાની શેઠ એમ કે ઓરાણ હાઈસ્કૂલનું ગૌરવ


ચિલોડા, તા. ૧૮

માર્ચ-૨૦૨૦માં લેવાયેલ એચ.એસ.સી.ની બોર્ડની પરીક્ષામાં પ્રાંતિજ તાલુકાની શેઠ. એમ. કે. ઓરાણ ગ્રુપ માધ્યમિક અને ઉચ્ચત્તર મા શાળાએ ૧૦૦ ટકા પરિણામ લાવી શાળાનું ગૌરવ વધાર્યું છે. જેમાં શાળાના ૩૩ કુમાર અને ૧૯ કન્યાઓ એમ કુલ ૫૨ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી તમામ વિદ્યાર્થીઓ ઉત્તિર્ણ થતાં શાળાનું સો ટકા પરિણામથી ગૌરવ વધારવા બદલ શાળાના પરિવાર દ્વારા ડૉ. કે.એન. રાઠોડ તથા શાળા પરિવાર કેળવણી મંડળે અભિનંદન પાઠવ્યા હતા.



સુપ્રસિધ્ધ અમદાવાદના જગદીશ મંદિર ખાતે 'ધનવંતરી આરોગ્ય રથ'ના કર્મચારીઓ તેમજ સામાજિક કાર્યકર મહેબૂબ શેખ દ્વારા મંદિરના મહંતની મુલાકાત કરી હતી

# શ્રમિકો માટે અન્નપૂર્ણા ફૂડ બૂથનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૧૮

શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ સંચાલિત ગરીબોને રૂ.૧૦માં ગરમ અને પૌષ્ટિક આહાર આપતાં ફૂડ બૂથ આજે ફરીથી ચાલુ થઈ ગયાં છે.

શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ વેલફેર બોર્ડ મારફતે કડિયા નાકાં પર ફૂડ બૂથ ચલાવવામાં આવે છે. આ બૂથ કોવિડ-૧૯ મહામારીને કારણે લાદવામાં આવેલા દેશવ્યાપી લૉકડાઉન પછી તા. ૨૦માર્ચ ના રોજ બંધ કરી દેવાયાં હતાં.

શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી વિપુલ મિત્રા જણાવે છે કે "હવે બાંધકામ પ્રવૃત્તિ ગતિ પકડી રહી છે, ત્યારે અમે શ્રમિક અન્નપૂર્ણા ફૂડ બૂથ ફરી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. અમે માસ્ક, ગ્લોવઝ, હેર કેપ, એપ્રન પહેરવા તથા સોશિયલ ડિસ્ટન્સિંગનુ કડક પાલન કરવા માટે તેમજ બૂથનુ નિયમિતપણે સેનેટાઈઝેશન કરવા માટે સૂચના આપી છે.

મિત્રાએ જણાવ્યુ હતું કે તા. આજથી ૮ જીલ્લાનાં ૬૮ ફૂડ બૂથ ફરીથી ચાલુ કરવામાં આવ્યાં છે જેમાં પશ્ચિમ અમદાવાદનાં ૧૮, ગાંધીનગરનાં ૩, સુરતનાં ૧૭ અને વડોદરાનાં ૧૨ બૂથ ઉપરાંત ભરૂચ અને ભાવનગરનાં ૪-૪ તથા નવસારીનાં ૩ તથા આણંદના એક બૂથનો સમાવેશ થાય છે.

રૂ.૧૦ના ટિફિનમાં કામદારોને ૬ રોટી, ૧ શાક, ભાત/ પુલાવ, ચટણી/ અથાણુ અને તળેલાં મરચાં તથા સપ્તાહમાં એક વાર મિઠાઈ આપવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે અન્ય કડિયા નાકાં ખાતે ટૂંક સમયમાં ફૂડ બૂથ ચાલુ થઈ જશે.

ડાયરેક્ટ ❤ સે


છબી જેવી હોય તેવી સમાવી લે તે "ફ્રેમ"

વ્યક્તિ જેવી હોય તેવી સંભાળી લે તે "પ્રેમ"

## જન્મદિને વધામણી



તીર્થ સંજયભાઈ ચુડાસમા
મો. ૯૮૯૮૦ ૭૦૬૬૫



વિરાજ વિનોદભાઈ મેણાત



દિવ્ય પટેલ



અભિષેક નંદન



હુમેરા તૈલી
મો. ૭૮૭૮૧ ૪૨૩૪૬

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

સચેત રહો સુરક્ષિત રહો